### પ્લાસ્ટર માટે સિમેન્ટને બદલે ચુનો, રેતી, ઈંટોના પાઉડરનો ઉપયોગ કરાયો

MSU દ્વારા રૂ.૫.૫૦ કરોડનું ટેન્ડર મુંબઇની કંપનીને સોંપાયું

# ૧૫૦ વર્ષ જૂની પદ્ધતિથી આર્ટ્સના હેરિટેજ બિલ્ડિંગનું રિસ્ટોરેશન શરૂ

**જીર્ણોદ્ધાર** | એમ.એસ.યુનિ.ના ઐતિહાસિક ડોમની સજાવટમાં ૧૦૦ માણસોને ત્રણ મહિનાનો સમય લાગશે

। વડોદરા ।

મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિ.માં આર્ટ્સ ફેકલ્ટીના ૧૪૩ વર્ષ જૂના બિલ્ડિંગનું રૂ.૫.૫૦ કરોડના ખર્ચે રિસ્ટોરેશન શરૂ થયું છે. સૌથી મહત્વની વાત છે કે, ૧૫૦ વર્ષ જૂની પદ્ધતિથી આર્ટ્સના હેરિટેજ ડોમ સહિતના બિલ્ડિંગનું રિસ્ટોરેશન કામ શરૂ કરાયું છે.

એમ.એસ.યુનિ.ની આર્ટ્સ ફેકલ્ટીમાં છેલ્લાં કેટલાક સમયથી સમારકામ ચાલતં હોવાથી ઠેર-ઠેર લોખંડનો ભંગાર, વર્ગ ખંડોમાં બેન્ચિસનો અભાવ અને કબુતર ઉડતા હોવાની ફરિયાદો ઉઠી છે. આજે ફેકલ્ટી ખાતે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ૧૪૩ વર્ષ જુના આર્ટ્સના હેરિટેજ બિલ્ડિંગના રિસ્ટોરેશન કામ શરૂ થયું છે. MSU દ્વારા રૂ.૫.૫૦ કરોડના ખર્ચે આર્ટ્સ ફેકલ્ટીના રિસ્ટોરેશન માટે ટેન્ડર મુંબઈની કંપનીને અપાયું છે. સૌથી મહત્વની વાત એ છે કે, આર્ટ્સના ઐતિહાસીક ડોમ સહિતના બિલ્ડિંગનું રિસ્ટોરેશન ૧૫૦ વર્ષ જુની પદ્ધતિથી કરવામાં આવી રહ્યું છે. આ મામલે સુત્રો પાસે જાણવા મળ્યું હતું કે, હેરિટેજ બિલ્ડિંગમાં પ્લાસ્ટર કરવા માટે રેતી-સિમેન્ટને બદલે ચુનો, રેતી, સુરકી (ઈંટોના પાઉડર)નો ઉપયોગ કરાયો છે. મોર્ડન કેમિકલ્સને બદલે પરંપરાગત ચિજવસ્તુઓનો ઉપયોગ કરાયો છે. મેથી, ગુગળ, ઘઉં, અળદ અને ગોળને અનેક કલાક ગરમ કરાયા બાદ ચુનાના માવામાં મિશ્રણ કરી દિવાલ પર પ્લાસ્ટર કરવામાં આવે છે. એક કોટ કરાયા બાદ ત્રણ દિવસ બાદ ચુનામાં અળસીના તેલનો બીજો કોટ લગાવાશે. વાતાવરણ મુજબ ચુનામાં મિશ્રણ માટે ઉપરોક્ત પાકૃતિક પદાર્થની માત્રા નક્કી કરવામાં આવે છે. ઐતિહાસીક ડોમનું રિસ્ટોરેશન એક મોટો પડકાર છે. ડોમની સજાવટમાં ૧૦૦ માણસો કામ કરશે. ફક્ત ડોમના રિસ્ટોરેશન પાછળ ત્રણ મહિનાનો સમય લાગશે. ફેકલ્ટીમાં એક મોટા સહિત કુલ ૯ ડોમ્સનું રિસ્ટોરેશન થશે. એકંદરે આર્ટ્સના બિલ્ડિંગની સજાવટ પાછળ દોઢથી બે વર્ષનો સમય લાગશે.







આર્ટ્સ ફેકલ્ટીના દરવાજા અને બારીઓના રિસ્ટોરેશન બાદ હવે આગામી સમયમાં ઐતિહાસિક ડોમની સજાવટની શરૂઆત કરવામાં આવશે.

## પાણીથી દીવાલને નુકસાન ન થાય તેવા મટીરિયલનો ઉપયોગ કરાયો

લાકડાના બારી-બારણા અને ગ્રીલ પર અળસીના તેલ અને નેચરલ પ્રોડક્ટથી બનેલી મોનોકેટ પોલિસનો ઉપયોગ કરાયો છે. આ ઉપરાંત ઇંટોને પાણીથી સાફ કરાશે. ઇંટોને નુકસાન ના થાય તે માટે બાયો વોશ લગાવાશે. ત્યારબાદ ફરી પાણીનો છટકાવ કરાશે. ત્યારબાદ કાથીની મદદથી દિવાલો પર લાગેલી લીલની સફાઇ કરાશે. પથ્થર પર ઇમ્પ્રેગ્નેટ સિલર મટિરિયલ લગાવાશે. જેના કારણે પાણીથી દિવાલને નુકસાન થશે નહીં.

## ૬ મહિનાથી રિસર્ચ ચાલતુ હતું, સલાહકારની પણ મદદ લેવાઈ

ઐતિહાસીક બિલ્ડિંગના રિસ્ટોરેશન પહેલાં યુનિ.ના કન્દ્ટ્રક્શન વિભાગ દ્વારા ૬ મહિનાથી રિસર્ચ કરાયું હતું. હેરિટેજ બિલ્ડિંગને કોઇ ક્ષતી ન થાય માટે કેટલાક ભાગમાં પ્લાસ્ટર કરી તેના પરિણામનું પણ નીરિક્ષણ કરાયું હતું. આ કામમાં યુનિ. દ્વારા નિષ્ણાંત સલાહકારની પણ મદદ લેવાઈ હતી.

## બારીના તૂટેલા બેલ્જીયમ ગ્લાસને સ્ટેન ગ્લાસ પ્રોસેસથી ડેવલોપ કરાશે

બેલ્જીયમના ગ્લાસ અને પથ્થરોને નુકસાન થયું છે. બારીમાં લાગેલા બેલ્જીયમના તૂટેલા કાચને ગરમ કરીને નવેસરથી સ્ટેન ગ્લાસનો પ્રોસેસ કરાશે. ગ્લાસને ડેવલોપ કરાયા બાદ તેને ફિક્સ કરવા માટે શિશાની ફ્રેમનો ઉપયોગ કરાશે તેવું સુત્રોએ ઉમેર્યું હતુ. ૫૦ mm જાડાઇના કેટલાક દરવાજા પર આર્ડેઇડ ઓઇલ પેન્ટના કલર મરાયા હતાં.

### કેમ્પસ બહાર ભારદારી વાહનોની અવર-જવરની ઈફેક્ટ

## આર્ટ્સ ફેકલ્ટીના પહેલાં માળ સુધી વાઇબ્રેશનનો અનુભવ

। વડોદરા ।

એમ.એસ.યુનિ.ની કોમર્સ ફેકલ્ટીના મેઈન બિલ્ડિંગ બહારથી ભારદારી વાહનોની અવર-જવરને પગલે આર્ટ્સના પહેલા માળ સુધી વાઇબ્રેશન અનુભવાતા હોવાનું જાણકારોનું કહેવું છે. વાઇબ્રેશનને કારણે લાંબા ગાળે ઐતિહાસીક બિલ્ડિંગના ફાઉન્ડેશનને નુકસાન થવાની શક્યતા છે.

એમ.એસ.યુનિ.ની આર્ટ્સ ફેકલ્ટી પાસે કોમર્સ ફેકલ્ટી છે. કોમર્સ ફેકલ્ટીના મેઈન બિલ્ડિંગ પાસે મુખ્ય દરવાજો છે. મુખ્ય દરવાજા બહારના રોડ પર દિવસ-રાત ભારદારી વાહનોની સતત અવર-જવર રહે છે. ભારદારી વાહનોને કારણે આર્ટ્સ ફેકલ્ટીના પ્રથમ માળ સુધી વાઇબ્રેશનનો અનુભવ થતો હોવાનું જાણકારોનું કહેવું છે. આ મામલે સુત્રોએ જણાવ્યું હતું કે, કેમ્પસ બહારના મુખ્ય માર્ગ પરથી પસાર થતા ભારદારી વાહનોને કારણે વાઇબ્રેશન જમીનની અંદરથી પસાર થઈને આર્ટ્સ ફેકલ્ટીના પહેલા માળ સુધી આવે છે.

**ઐતિહાસિક બિલ્ડિંગના ફાઉન્ડેશનને લાંબે ગાળે નુકસાન થવાની વકી**

વાઇબ્રેશન અટકાવવા માટે ફાઉન્ડેશનની અંદર દિવાલનું ચણતર કરવું પડે. જોકે આ દિશામાં કોઈ પગલા ના લેવાય તો લાંબા ગાળે ૧૪૩ વર્ષ જુના ઐતિહાસીક બિલ્ડિંગના ફાઉન્ડેશનને નુકસાન થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

## પ્રેમાનંદ હોલમાંથી દાદરના ૫૦ પગથિયાં ભવ્ય ડોમ તરફ લઈ જાય છે

આર્ટ્સનો ડોમ એશિયાનો સૌથી બીજો મોટો ડોમ છે. જે ડબલ ડોમ સ્ટ્રક્ચર છે. ફેકલ્ટી સ્થિત પ્રેમાનંદ હોલના પ્રથમ માળના દાદરના ૫૦ પગથિયા ઉપરના ભવ્ય ડોમ તરફ લઈ જાય છે. ભવ્ય ડોમ જવાની સીડીઓની ડિઝાઇન પણ એવી રીતે કરાઇ છે કે, ૬ ફૂટનો માણસ પણ ત્યાં સરળતાથી અવર-જવર કરી શકે.

## મહારાજાએ વર્ષ ૧૮૮૦માં રૂ.૮,૩૦,૧૫૦ના ખર્ચે નિર્માણ કરાવ્યું હતું

આર્ટ્સ ફેકલ્ટી ભૂતકાળમાં બરોડા કોલેજ હતી. મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે વર્ષ ૧૮૮૦માં બરોડા કોલેજના બિલ્ડિંગનું નિર્માણ કરાવ્યુ હતું. તે સમયે બિલ્ડિંગ પાછળ કુલ રૂ.૮,૩૦,૧૫૦નો ખર્ચ કરાયો હતો. બે માળનું બિલ્ડિંગ અંદાજે ૩૦ હજાર સ્કેવર ફૂટથી વધુ જગ્યામાં પથરાયેલું છે.

## ૨૦૦૪-૦૫ ગ્રાન્ટના અભાવે ડોમનું રિસ્ટોરેશન અધૂરૂં રહ્યું હતું

૨૦૦૪-૦૫માં પણ આર્ટ્સના મોટા ડોમનું રિસ્ટોરેશન કામ થયું હતું. જેની પાછળ લગભગ રૂપિયા ૩૦ લાખથી રૂપિયા ૪૦ લાખનો ખર્ચ કરાયો હતો. જોકે, ગ્રાન્ટના અભાવે જે તે સમયે કામ અધૂરૂ રહ્યું છે. ત્યારબાદ તે જગ્યાએ ભેજ આવતો હોવાની સમસ્યાને કારણે ત્યાં વર્ષ ૨૦૦૫માં પ્લાસ્ટર કરવામાં આવ્યું હતું.